**ડાયરેક્ટ ❤ સે**
મુકામ સુધી
પહોંચવા માટે
ધ્યેય પ્રત્યે
નિષ્ઠાવાન રહો

## જન્મદિને વધામણી



માનીતા નિકુંજ ભાવસાર
એડવોકેટ
મો. ૭૮૦૧૮ ૨૩૦૪૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના એનએસએસ એકમના

# વિદ્યાર્થીઓ દ્વારા પાલજમાં સેવાકાર્ય







ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના એનએસએસ એકમ દ્વારા ગાંધીનગર સિવિલ હૉસ્પિટલના સહયોગથી ડાયાબિટીસ અને બ્લડપ્રેશર નિદાન કેમ્પનું આયોજન પાલજ ખાતે કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર સિવિલ હૉસ્પિટલ એનએસડી સેલના ડૉક્ટર્સ અને તેમના સહાયકો દ્વારા ૧૬૦થી વધુ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. સંદિપભાઈ અને રીનાબેને એઈડ્સ અવેરનેસ અંગે વિગતે વાત કરી હતી અને ચાર્ટ્સ દ્વારા સમજૂતી પણ આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તરો પણ તેમણે આપ્યા હતા. આ ઉપક્રમમાં પાલજ સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા.

એમ બી સ્કૂલના પ્રત્યેક વિદ્યાર્થી પોતાના ઘેરથી બે સફરજન લાવ્યા હતા જે તેમણે પાલજ સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ભેટ ધર્યા હતાં. ઉપરાંત એમ બી સ્કૂલના વિદ્યાર્થીઓએ પોતાને માટે બિનઉપયોગી પરંતુ બીજા માટે ઉપયોગી એવાં વસ્ત્રો તથા વસ્તુઓનું દાન તબીબી તપાસ માટે આવનારા જરૂરિયાતમંદોને કર્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ કેન્સર, માનસિક તાણ જેવા વિષયો પર ગ્રામલોકોનું કાઉન્સેલિંગ કર્યું હતું અને આ માટે ઘેર-ઘેર જઈ તેમણે લોકસંપર્ક કર્યો હતો.

# કે. કે. પટેલ વિદ્યાલય દ્વારા વાલી ચિંતન શિબિર





ગાંધીનગર, તા. ૫

શ્રીમતી કે. કે. પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે તાજેતરમાં વાલી ચિંતન શિબિરનું આયોજન કરવામા આવ્યું હતું. વિદ્યાલયમાં અભ્યાસ કરી રહેલા ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે તેમના વાલીઓમા જાગૃતતા કેળવાય વિદ્યાર્થીઓ માટે સજાગ અને ચિંતિત બને તે માટે શાળામાં વાલી ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. મોટા ભાગના વિદ્યાર્થીઓના વાલીઓ આ ચિંતન શિબિરમાં જોડાય હતા. શાળાના પથદર્શક એવા આચાર્ય મેડમશ્રીએ આવનારી બોર્ડની પરીક્ષા માટે વર્તમાન સમયમા શાળામાં તૈયારી કરવામાં આવેલા એકશન પ્લાનને રજૂ કર્યો હતો. આ ચિંતન શિબિરમાં અંદાજિત ૧૭૦ વાલીઓ જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક શ્રી નારણભાઈ પટેલ સાહેબે કર્યું હતું આમ આજની આ ચિંતન શિબિર સફળતા પૂર્વક પૂર્ણ થઈ હતી.



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઑફ એજ્યુકેશન સંચાલિત શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના ઉપક્રમે પદ્યનાં વિવિધ સ્વરૂપો અંગે સમજૂતીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત કવયિત્રી ડૉ. વર્ષાબેન પ્રજાપતિએ પદ્ય એટલે શું ?, દુહા, પદ્યનાં વિવિધ સ્વરૂપો, પદ્યની વિવિધ લાક્ષણિકતાઓ, પદ્યવાર્તા વિશે જાણકારી આપી નરસિંહ મહેતા, ગીત, રાસ, આખ્યાન, મીરાં, હેમચંદ્રાચાર્ય, પ્રેમાનંદનાં પદ્ય-સાહિત્ય વિશે ઝીણવટભરી સમજ આપી હતી. આ પ્રસંગે ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. જે આર વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. નરેન્દ્રભાઈ નાયી દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

# સી એન આર્ટસ એન્ડ બી ડી કૉમર્સ કૉલેજ રાષ્ટ્રીય એકતા શિબિરમાં જોડાઈ

ગાંધીનગર, તા. ૫

ગર્વન્મેન્ટ ઓફ ગુજરાત સ્ટેટ એન.એસ.એસ. સેલ, ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન, ગાંધીનગરના નિર્દેશાનુસાર તા.૨૫ થી ૧ ડિસેમ્બર સુધી એક સપ્તાહનો રાષ્ટ્રિય એકતા શિબિર સરદાર પટેલ યુનિ. વલ્લભવિદ્યાનગર-આણંદ ખાતે યોજાયો હતો. આ કેમ્પમાં વિવિધ ૮ રાજયો અને કુલ ૧૯ યુનિ. ના સ્વંયસેવકો અને પ્રોગ્રામ ઓફીસર હાજર રહ્યા હતા. જેમા હેમ.ઉ.ગુ.યુનિ.માંથી ૧૦ વિદ્યાર્થીઓ પૈકી કડીની સી.એન આર્ટસ એન્ડ બી.ડી. કૉમર્સ કૉલેજની બે વિદ્યાર્થીનીઓ ચૌહાણ શિતલબેન તેમજ પ્રજાપતિ મનિષાબેન વિભિન્ન સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. જેમા સ્કીટની સ્પર્ધામાં સમગ્ર ભારતભરની યુનિ.માંથી તેઓનો પ્રથમ ક્રમાંક રહ્યો હતો. જેની ટ્રોફી એસ.પી.યુનિ.ના કુલપતિશ્રી શિરીષભાઈ કુલકર્ણી અને એન.એસ.એસ.વિભાગના ડાયરેક્ટરશ્રી કમલકુમાર તેમજ ડૉ.દર્શનાબેન જોષી દ્વારા મફી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં સી. એન. કોલેજના એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડૉ.રોનક કુમારે સફ઼ફતા પૂર્વક માર્ગદર્શન અને નેતૃત્વ પુરુ પાડયું હતું. સંસ્થાના મંત્રીશ્રી નલીનભાઈ તથા આચાર્યશ્રી ડૉ.જી.ડી.ત્રિપાઠી સાહેબે તેમજ એન.એસ.એસ. વિભાગના કૉ-ઓર્ડીનેટરશ્રી ડૉ.જે.ડી.ડામોર સાહેબે ખાસ શુભેચ્છા પાઠવી હતી.

# કલરવ સંસ્થાનાં સભ્ય બાળકો માટે બે નવા કાર્યક્રમોની જાહેરાત કરાઈ

ગાંધીનગર, તા. ૫

કલરવ સંસ્થાનાં સભ્યો માટે બે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં સંસ્થાના પ્રમુખ કમલ જૈન દ્વારા જણાવવામાં આવ્યું છે કે

૨૩ ડિસેમ્બર ને રવિવારના રોજ વિક્રમ સારાભાઈ સાયન્સ સૅન્ટરની મુલાકાત ગોઠવવામાં આવી છે. આ માટે સભ્ય બાળકોએ રૂા. ૨૦૦નું અનુદાન રવિવાર સિવાય સાંજે ૫.૦૦થી ૭.૦૦ દરમિયાન ફિઝિયોથેરાપી સેન્ટર, પંચદેવ મંદિરની બાજુમાં, સૅક્ટર-૨૨, ગાંધીનગર ખાતે રોકડમાં જમા કરાવવાનું રહેશે અને ટોકન મેળવી લેવાનો રહેશે.

બીજો કાર્યક્રમ પહેલીથી પંદરમી જાન્યુઆરી દરમિયાન બાકોર નેચર પાર્કની મુલાકાતનો ગોઠવવામાં આવ્યો છે. ૨૦મી જાન્યુઆરીએ મુલાકાત ગોઠવવામાં આવી છે, આ માટે અનુદાનની રકમ તા. ૧થી ૧૫ જાન્યુઆરી દરમિયાન ઉપરોક્ત સ્થળે, સમયે રોકડમાં જમા કરાવવાની રહેશે.

બંને કાર્યક્રમો માટે ઑન ધ સ્પૉટ રજિસ્ટ્રેશન શક્ય નથી એમ તેમણે વધુમાં જણાવ્યું છે.




એસ.જી., એસ.વી. તેમજ શિવહરી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના શિક્ષકો માટે તાજેતરમાં તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં શિક્ષકોએ KARO SAMBHAV 17 GOALS વિષય પર પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન વિડીયો અને એક્ટિવિટી પ્રસ્તુત કરી હતી.


# બી. સી. એ. કોલેજમાં ત્રિદિવસીય આઈટી ફેર ''અક્ષ ૨૦૧૮''નું સમાપન

ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ (બી.સી.એ.) ગાંધીનગર દ્વારા કોલેજ કેમ્પસ ખાતે ત્રિદિવસીય આઈ.ટી.ફેર અને 'અક્ષ' - આર્ટ અને લીટરરી ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર અને અમદાવાદ જીલ્લાની કુલ ૬૪ કરતાં વધારે સ્કૂલોના ૪૮૭૩ જેટલા વિદ્યાર્થીઓએ આઈ.ટી.ફેરની મુલાકાત લીધી હતી. જેમાં બી.સી.એ. કોલેજના ૨૦ પ્રધ્યાપકો અને ૩૮૦ વોલીયન્ટર્સની ટીમ સતત કર્યરત રહી હતી. આ આઈ.ટી.ફેરમાં કમ્પ્યુટરની વિવિધ ટેક્નોલૉજી અને તેને સંલગ્ન ટૂલ્સને દર્શાવતા ૧૯ કરતાં વધારે સ્ટોલ્સમાં ૧૩૦ જેટલા લાઈવ મોડેલ્સનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં બાયોમેટ્રિક ટેક્નોલૉજી, મલ્ટીમીડિયા ટેક્નોલૉજી, નેક્ષ્ટ જનરેશન ટેક્નોલૉજી, સેન્સર ટેક્નોલૉજી, રોબોટિક્સ, જીપીએસ ટ્રેકિંગ સિસ્ટમ, સોશિયલ મીડિયા સિક્યોરિટી , એમ્બેડેડ સિસ્ટમ, ઈન્ટરનેટ ઓન થિંગ્સ, મોબાઈલ કમ્પ્યૂટિંગ, ગૂગલ સર્વિસ, આર્ટિફિસિયલ ઈનટેલીજન્સ, વર્ચ્યુઅલ રિયાલીટી, અગ્મેંટેડ રિયાલીટી, સ્માર્ટ સિટી, બ્રેઈન વિટા , વિડિયો મેપિંગ પ્રોજેકશન, હેકિંગ, ઈ-કોમર્સ સિક્યોરિટી, રોબોપૂલ, જેવી વિવિધ ટેક્નોલૉજી આવરી લેવામાં આવી હતી. અહીં વિદ્યાર્થીઓ દ્વારા કોલેજમાં જ તૈયાર કરવામાં આવેલા લાઈવ પ્રોજેક્ટ્સ પણ મુકવામાં આવ્યા હતા જેમાં કમ્પ્યુટર સિક્યોરિટી, ૪ડી ટેક્નોલોજી, વેબ ટેક્નોલૉજી, રોબોટ્સ દ્વારા ઘર કે ઓફિસની સિક્યોરિટી, સ્માર્ટ પાર્કિંગ, સોલર કાર, સોલર સિટિ, સ્માર્ટ મિરર, હોલોગ્રામ, ઓબ્જેક્ટ ડિટેકશન અને ફેસ ડિટેકશન, ક્યૂઆર કોડ અને બાર કોડ ફિંગર પ્રિન્ટ ડિટેકશન, સેન્સર બેઝ સિક્યુરિટી સિસ્ટમ, કાર્ટૂનિંગ, ઈમેજ મોર્ફિંગ, સિક્યોર હોમ, ઈશારા, વાઈફાઈ જામર, એટીએમ મશીન, વર્ચુયલ મશીન, વિડિયો મેપિંગ, આર્ટિફિશ્યલ આઈ, મેજિક મિરર જેવા વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વર્ચુયલ ડ્રેસિંગ રૂમના પ્રોજેકટે કોમર્શિયલ રૂપ ધારણ કર્યું છે ત્યારે ત્યારે આ પ્રોડક્ટ માર્કેટમાં લૉચ પણ થઈ ગઈ છે, કોલેજના જ વિદ્યાર્થીઓએ કરેલા વર્ચુયલ રિયાલીટી અને અગ્મેંટેડ રિયાલીટીના પ્રોજેક્ટને સ્ટાર્ટ અપ પ્રોજેકટ તરીકે માન્ય ગણીને ગુજરાત સરકારે માતબર રકમ આપેલી છે. આઈ.ટી.ફેરની સાથે આયોજિત અક્ષ-આર્ટ અને લિટરરી ઈવેન્ટમાં અક્ષ ઈવેન્ટની વિવિધ સ્પર્ધાઓ જેવીકે મહેંદી, કાર્ડ મેકિંગ, ક્વિઝ, રંગોળી, વકૃત્વ સ્પર્ધા, મેથ પઝલ, સ્ટોરી કંપલિશન, ફોક સિંગિંગ જેવી વિવિધ સ્પર્ધાઓમાં ૧૧૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને પોતાનામાં રહેલી કળાને પ્રદર્શિત કરવા પ્રયત્ન કર્યો હતો.

આ ઈવેન્ટને કડી સર્વ વિશ્વવિદ્યાલયના રજીસ્ટ્રાર ડો. એસ કે મંત્રાલા અને ડાયરેક્ટર ડો. ગાર્ગી રાજપરા દ્વારા દીપ પ્રાગટય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાની વિવિધ શાળા અને કોલેજના આચાર્યશ્રીઓ, શિક્ષક મિત્રો તથા ઈંડસ્ટ્રીમાંથી મહાનુભાવો હાજર રહ્યા હતા. સમગ્ર ત્રિદિવસીય આઈ. ટી. ફેર દરમિયાન વિદ્યાર્થીઓના મનોરંજન માટે જુદા જુદા ફન ઝોન અને ગેમ ઝોનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ત્રણેય દિવસ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર ઈવેન્ટનું આયોજન કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ કોલેજના પ્રાધ્યાપક મિત્રો અને વિદ્યાર્થીઓ દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.











# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૪૬મો મણકો ॥**

ઓપરેશન પછી હરિ સિવાયના બેએ પોતપોતાની રીતે સ્વતંત્ર લેખો લખ્યા, જેમાં તેમણે જણાવ્યું હતું, 'અમે તો આભા બની ગયા હતા ! ગાંધીજીએ અમારી પર આવો વિશ્વાસ રાખ્યો !'

મતભેદો ઓળંગીને માણસના મન સુધી પહોંચવાનો આ ગાંધીજીનો સ્વભાવ હતો એમ હું કહીશ. એ આગળ જતાં રાજનૈતિક મતભેદોમાં પણ કામ લાગ્યો.



ગાંધીજી સાથે જેમના મતભેદો જાહેરમાં હતા એવા એક વ્યક્તિ હતા ડૉ. બાબાસાહેબ આંબેડકર. ગાંધીજી સાથે તેઓ બધી બાબતોમાં સંમત ન હતા. એમાંય દલિતોને અલગ મતદાર મંડળ બાબતે તો બંને વચ્ચે ભારે વિરોધ. આંબેડકર એમ માનતા કે દલિતોને અલગ મતદાર મંડળ મળવું જોઈએ અને ગાંધીજી એમ માનતા કે દલિતોને અલગ મતદાર મંડળ ન મળવું જોઈએ. ઈંગ્લેન્ડમાં ગોળમેજી પરિષદમાં આ બાબતે ચર્ચાઓ થઈ હતી અને તે જાહેર પણ થઈ હતી એ પછી દેશમાં પણ આ પ્રકારની ચર્ચાઓ થાય એમ માનીને અંગ્રેજોએ ભારતમાંય આ મુદ્દે ચર્ચા યોજી હતી. એમાં પાછા વક્તાઓ બે જ : આંબેડકર અને ગાંધીજી. એમણે બેએ જ આ મુદ્દે ચર્ચા કરવાની. આ ચર્ચા સાંભળવા આપણા દેશના એવા લોકોય આવ્યા હતા જે એમ માનતા હતા કે 'ચાલો, તાલ જોઈએ.'

ચર્ચાસભામાં પહેલાં બોલવાની તક આંબેડકરને આપવામાં આવી. તેમણે અતિ તીવ્ર ભાષામાં ભાષણ કર્યું. અને ગાંધીજીને ખરાબમાં ખરાબ ગાળ દીધી. આમ તો ગાળ દેવામાં અમારો સુરત જિલ્લો ગુજરાતમાં જ નહિ પણ આખા દેશમાં સૌથી મોખરે ગણાય. પણ એ સુરત જિલ્લાની ગાળોની યાદી બનાવો એમાંય જે ગાળ ન હોય એવી ખરાબ ગાળ તેમણે ગાંધીજીને દીધી. તેમણે એમ કહ્યું કે 'ગાંધી એક વખત એક વાત બોલે છે ને બીજી વખત બીજી. તે બોલીને ફરી જાય છે. તેથી ગાંધી જૂઠ્ઠા છે.' ગાંધીજીને જૂઠ્ઠા કહેવા એનાથી મોટી ગાળ કઈ હોઈ શકે ?

150 ગાંધીયાત્રા

તેમ છતાં ગાંધીજીએ તો પહેલી રોમાં બેસીને આંબેડકરનું આ ભાષણ શાંતિથી સાંભળ્યું. એ પછી તેમનો બોલાવાનો વારો આવ્યો ત્યારે ત્રણ શબ્દોનું એક જ વાક્ય બોલ્યા, 'થેંક યુ સર.' બસ, આટલું બોલીને તેઓ બેસી ગયા.

વિલિયમ શિયર નામનો એક પત્રકાર કે જે દિલ્હીમાં વાઈસરોય સાથે ગાંધીજીની ચર્ચાઓ ચાલતી ત્યારે ત્યાં હતો અને ગાંધીજી જ્યારે ચાલતા પરત આવતા ત્યારે તેમની સાથે ચાલતો આવતો અને વાતો કરતો. આમ તે ગાંધીજીનો પરિચિત થઈ ગયો હતો અને પછી તો ગોળમેજી પરિષદ વખતે એ ઈંગ્લેન્ડ પણ ગયેલો. તેણે પોતાના પુસ્તકમાં આ ઘટનાનો ઉલ્લેખ કરી લખ્યું છે, ૐ'હપ્ની'રી'રીષ્ઠિરૈ. (એણે બીજો ગાલ ધર્યો.)

આ ઘટના પછી કોઈએ ગાંધીજીને પૂછ્યું કે આંબેડકર તમને ગમે તેમ બોલ્યા ને તમે કેમ થેંક યુ કહ્યું ? ત્યારે ગાંધીજીએ જવાબ આપ્યો એ સમજવા જેવો છે. 'તમે શું એમ માનો છો કે એમણે મને કહ્યું છે ? આ તો જે જાતિનું આપણી જાતિ વર્ષોથી દમન કરતી આવી છે તે જાતિના એક પ્રતિનિધિ તરીકે આપણી જાતિના પ્રતિનિધિ તરીકે એમણે મને કહ્યું છે. અને મારા મતે તો તેમણે આ ઘણી સૌમ્ય ભાષામાં કહ્યું છે. આપણી જાતિએ તેમની જાતિ પર જે અત્યાચારો કર્યા છે એ જોતાં તો એ મારા મોં પર થૂંક્યા હોત તો એ પણ ઓછું લાગત. પણ તેમણે તો ઘણી સૌમ્ય ભાષામાં કહ્યું, તેથી મેં તેમને થેંક યુ કહ્યું.'

બૉક્સીંગમાં જેમ રાઉન્ડ થાય તેમ આંબેડકર અને ગાંધીજીની ટક્કરનો બીજો રાઉન્ડ યરવડા જેલમાં ગોઠવાયો. એ પહેલાં ગોળમેજી પરિષદમાં દલિતોને અલગ મતદાર મંડળનો વિવાદ વકરતાં આખરે એમ નક્કી થયું કે લવાદ તરીકે આ બાબતનો નિર્ણય વડાપ્રધાન મેકડોનાલ્ડ લે. ત્યારે ગાંધીજીએ કહ્યું હતું, 'જો તમે દલિતોને અલગ મતદાર મંડળ મળે તેમ નિર્ણય લેવાનો હોય તો તે 'દ્દીદ્વિઅ ક્ષ્ીદ્ભર્દ્બર્દ્ગદ્બઅ.' સામાન્ય રીતે લવાદને સ્વીકારનારા ગાંધીજી આ મુદ્દે આટલા બધા આત્યંતિક થઈ ગયા હતા.

એ જ બાબતે તેમણે યરવડા જેલમાં ઉપવાસ પણ આદર્યા હતા. અને આ ઉપવાસની જાહેરાત પણ તેમણે છ મહિના અગાઉ જ કરી દીધી હતી, જેથી જેલવાળાઓને એમ ન લાગે કે ગાંધીજી જેલમાં મરવાનો પ્રયાસ કરી રહ્યા છે. નહીંતર સામાન્ય રીતે તેમના ઉપવાસ તો તરતના જ હોય. એમના મનમાં એમ આવે કે અમુક બાબત ખોટી થઈ છે એટલે ઉપવાસ શરૂ થઈ જાય. આવી રીતે ત્રીસેક વખત તેમણે જાહેર પ્રશ્નોને લઈને ઉપવાસ કર્યો હતો.

જેલમાં તેમને મળવા આંબેડકર આવ્યા ત્યારે ગાંધીજીના ઉપવસાનો છઠ્ઠો દિવસ હતો, તેઓ ખાટલામાં સૂતા હતા. આંબેડકરે તેમને સીધો જ સવાલ કર્યો, 'દલિતોને અલગ મતદાર મંડળ આપવા તમે તૈયાર નથી, તો એના બદલે તમે શું આપવાના છો ? તે જાણવા હું માંગું છું.' ગાંધીજીએ નમ્રતાથી કહ્યું, 'તમારા સ્થાને કોઈ મુત્સદ્દી આ બાબતે મને મળવા આવ્યો હોત તો એણે આ વાત મને ફેરવી ફેરવીને કરી હોત. પણ તમે સ્પષ્ટતાથી આ વાત સીધી જ પૂછી લીધી તેથી હું તમારો આભારી છું.' આમ નમ્રતા દર્શાવી સામેના પક્ષની નિખાલસતાનો ઉલ્લેખ કરીને તેમણે સામેના પક્ષ સાથે એક પ્રકારનો રાપો ઊભો કરી લીધો. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ